જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત
Phone:: (0261) 2916003,2916040
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા.નં : ડાયેટ/IFIC/SIC/ 2024-25 -13136 - 16499

તા. 18/12/2024

પ્રતિ,
આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ જિ-સુરત
આચાર્યશ્રી, ઉચ્ચ પ્રાથમિક શાળાઓ,તમામ જિ-સુરત

વિષય : શાળા કક્ષાએ School Innovation Council ની રચના કરવા બાબત
સંદર્ભ : તારીખ 17/12/2024 રાજ્ય કક્ષાની DEO, DPEO, DIET PRINCIPALની બેઠકમાં મળેલ સૂચના મુજબ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે નવી રાષ્ટ્રીય નીતિ 2020ના અમલીકરણના ભાગરૂપે Ministry of Education, New Delhi તેમજ AICTE દ્વારા સમગ્ર દેશની શાળાઓમાં વિદ્યાર્થીઓના ઇનોવેટીવ વિચારોને પ્રોત્સાહન અને બહોળુ પ્લેટફોર્મ મળે તે માટે સ્કૂલ ઈનોવેશન કાઉન્સિલની રચના (SIC), સ્કૂલ ઇનોવેશન કોન્ટેસ્ટ તેમજ શાળાના શિક્ષકોની કેપેસીટી બિલ્ડિંગ માટે ઓનલાઇન તાલીમ (SIATP) કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય શાળામાં આઉટ ઓફ બોક્ષ થિંકિંગ, ઇનોવેશન, નવીન વિચારો, સર્જનાત્મકતા ડિઝાઇન થિંકિંગ, સ્ટાર્ટ અપના વાતાવરણનું સર્જન કરવાનો છે.

1. આ પત્ર સાથેના બિડાણમાં સામેલ તેમજ MoE ની વેબસાઇટ mic.gov.in ઉપલબ્ધ Innovation Cell સંબંધિત User Manual તેમજ School Innovation Councilની માર્ગદર્શિકાનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે.
2. તમામ શાળાઓનું, ખાસ કરીને પી.એમ.શ્રી શાળાઓનું તારીખ : 15/01/2025 સુધીમાં mic.gov.in પર બિનચૂક રજીસ્ટ્રેશન થાય તે માટે જરૂરી આયોજન અને ફોલો અપ કાર્ય કરવાનું રહેશે.
3. Innovation Cell સંબંધિત School Innovation Council (SIC) ની માર્ગદર્શિકા અનુસાર તમામ શાળાઓમાં School Innovation Council (SIC)ની રચના થાય. શાળાના વિદ્યાર્થીઓની સ્કૂલ ઈનોવેશન કોન્ટેસ્ટમાં સહભાગિતા વધે અને તેમના ઇનોવેટીવ આઈડીયા mic.gov.in, MoEના પોર્ટલ પર અપલોડ થાય તે સારુ જરૂરી આયોજન કરી ફોલો અપ કાર્ય કરવાનું રહેશે.
4. શાળાના આચાર્ય દ્વારા MoE પોર્ટલ પર School Innovation Council (SIC)ની માહિતી અપલોડ કરાવવા અંગે જરૂરી સૂચના અને માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.
5. MoEની વેબસાઈટ sic.mic gov.in પર ઉપલબ્ધ ઈનોવેટીવ શિક્ષકોના કેપેસીટી બિલ્ડીંગ માટેનો ઓનલાઈન તાલીમ કાર્યક્રમ School Innovation Ambassador Training Program (SIATP) માં આપની શાળાના વધુમાં વધુ શિક્ષકો જોડાય તેવા પ્રયત્નો કરવા.

6. શાળાઓના રજીસ્ટ્રેશન, શિક્ષકોની ઓનલાઈન તાલીમ, સ્કૂલ ઈનોવેશન કોન્ટેસ્ટમાં વિદ્યાર્થીઓની સહભાગિતા માટેના વધુ માર્ગદર્શન માટે Email id: schoolinnovation@aicte--india.org અથવા Website https://sic.mic.gov.in નો ઉપયોગ કરવાનો રહેશે.
7. SVS/તાલુકા/યુ.આર.સી.માં શાળાકીય ઈનોવેશનને લગતી તમામ પ્રવૃત્તિઓ માટે મુખ્ય સંપર્ક સૂત્ર તરીકે SVS કન્વીનર/બી.આર.સી.કો.ઓ./યુ.આર.સી.કો.ઓ.એ કામ કરવું અને તેને સંબંધિત તમામ મિટિંગમાં ઉપસ્થિત રહેવું.
8. ઈનોવેશનને લગતા કાર્યક્રમોમાં શાળાઓની સહભાગિતા વધે તે મુજબ આયોજન કરવું અને તે માટે શાળાના સબંધિત શિક્ષકોના કેપેસીટી બિલ્ડિંગના કાર્યક્રમોમાં સક્રિય ભાગ ભજવવો.
9. શાળામાં યોજવામાં આવેલી ઇનોવેટીવ પ્રવૃત્તિઓ વિશે માસિક ધોરણે SVS/તાલુકા/યુ.આર.સી.માં રીપોર્ટિંગ કરવું તેમજ તેનો અહેવાલ મોકલવો.

બિડાણ : Innovation cell સંબંધિત User Manual તેમજ school innovation Council ની માર્ગદર્શિકાની સોફ્ટ કોપી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

નકલ સવિનય રવાના જાણ સારું :
-સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
નકલ રવાના જાણ તથા અમલ સારું :
-- શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત કોર્પોરેશન
-સંકુલ કન્વીનરશ્રીઓ તમામ, જિ-સુરત
- લાયઝન અધિકારીશ્રી તમામ સદર કચેરી
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ જિલ્લો-સુરત
- બી.આર.સી.કો.ઓ.શ્રી,તમામ, જિ-સુરત
- યુ.આર.સી.કો.ઓ.શ્રી,તમામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત કોર્પોરેશન